હોમગાર્ડઝ સભ્યના મૃત્યુના કિસ્સામાં તેના કુટુંબને મરણોત્તર ક્રિયાભથ્થુ મંજુર કરવા બાબત..

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૮૫૧/ફ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૧/૦૯/૨૦૧૨

વંચાણે લીધાઃ-

૧. ગૃહવિભાગના તા.૨૫/૮/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૩/૯૬૩/ફ

૨. ગૃહવિભાગના સરખા ક્રમાંકના તા.૨૩/૩/૨૦૦૯ ના ઠરાવ.

૩. ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૩/૩/૨૦૧૦ ના પત્રક્રમાંકઃકજ/વહટ/૮૮૧/૪૬૫/૨૦૧૦.

ઠ રા વઃ-

ગૃહરક્ષક દળના સભ્યના મૃત્યુના કિસ્સામાં તેના કુટુંબને મરણોત્તર ક્રિયા ભથ્થા પેટે ગૃહવિભાગના ક્રમાંક(૧)ના ઠરાવથી ₹ ૧૦૦૦/- આપવામાં આવે છે. આ રકમમાં પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઇ વધારો કરવા અંગે ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના ઉકત ક્રમાંક(૨) ના પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગૃહરક્ષક દળના સભ્યના મૃત્યુના કિસ્સામાં તેના કટુંબને મરણોત્તર ક્રિયા ભથ્થા પેટે આપવાની રકમ ₹ ૧૦૦૦/-ને બદલે ₹ ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૬, મુખ્ય સદરઃ૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ, (૧૦૭) હોમગાર્ડઝ (૧) હોમગાર્ડઝ હેઠળના " કચેરી ખર્ચ " વિગતવાર સદરે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાકની ફાઇલ પરની નાણાવિભાગની તા.૩/૯/૨૦૧૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી
- સર્વે જીલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ
- અધિક મૃખ્ય સચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ

**હોમગાર્ડઝ સભ્યના મૃત્યુના કિસ્સામાં તેના કુંટુંબને**
**મરણોત્તર ક્રિયા ભથ્થું મંજુર કરવા બાબત..**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૮/૮૫૧/ફ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ :-૧૯/૦૧/૨૦૧૩.

**વંચાણે લીધા :-**
(૧) ગૃહ વિભાગના સરખા ક્રમાંકના તા. ૨૧/૦૯/૨૦૧૨ના ઠરાવ.
(૨) ગૃહ વિભાગની આર-શાખાની તા.૨૮/૦૯/૨૦૧૨ની નોંધ.

**સુધારા ઠરાવ :-**

ગૃહ રક્ષક દળના સભ્યના મૃત્યુના કિસ્સામાં તેના કુટુંબને મરણોત્તર ક્રિયા ભથ્થા પેટે આપવાની રકમ રૂ.૧૦૦૦/-ને બદલે રૂ.૨૫૦૦/-(અંકે રુપિયા બે હજાર પાંચસો પુરા) આપવાનું ઉકત ક્રમાંકઃ(૧)ના ઠરાવથી ઠરાવેલ છે. આ ઠરાવના પેરા-૩માં જે સદર હેઠળ ગ્રાન્ટમાંથી કરવાનું જણાવેલ છે.તેના બદલે હવે નીચે મુજબ વાંચવું.

" માંગણી કમાંકઃ૪૬,

મુખ્ય સદર-૨૦૭૦-ગૌણ સદર-૧૦૭ ,

પેટા સદર-(૦૧)ગૃહ રક્ષક દળનો ખર્ચ (૨૫ % કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ)સદરે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. "

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
- ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,લાલ દરવાજા,અમદાવાદ.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,પોલીસભવન,ગુજરાત રાજય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી,હિસાબ અને તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ,
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.